# અગોચર વિશ્વ - દેવેશ મહેતા

## સાભાર – મુંબાઈ સમાચાર



http://www.gujaratsamachar.com/gujaratsamachar.com/20120318/purti/ravipurti/agochar.html

**કાર્તિક ત્રિવેદી**- એક એવું નામ જે સંગીત, ચિત્રકલા અને પરામનોવિજ્ઞાનના જગતમાં ભારે ખ્યાતિ પ્રાપ્ત કરતું રહ્યું છે. ગરવી ગુજરાતના પનોતા પુત્ર હાલ અમેરિકાના ટેક્સાસના હ્યુસ્ટન ખાતે રહેતા કાર્તિકભાઇ ૭૪ વર્ષની વયના છે જે એક સિદ્ધહસ્ત પિયાનોવાદક અને ચિત્રકાર છે. એમને એમની કલાસિદ્ધિઓ માટે અમેરિકાની જુદી જુદી સંસ્થાઓ તરફથી એવોર્ડસ પણ મળેલા છે. આ ઉપરાંત કાર્તિકભાઇ પરામનોવિજ્ઞાન ક્ષેત્રે એટલા માટે ખ્યાતનામ છે કે એ કુદરતી રીતે પ્રાપ્ત થયેલ 'પેરાનોર્મલ ચૈતસિક શક્તિઓ' ધરાવે છે. તે પરલૌકિક સૃષ્ટિ સાથે સતત સંપર્કમાં રહેનાર એક માધ્યમ (મિડિયમ)નું કામ કરી મૃત્યુ પામેલ વ્યક્તિઓ સાથે વાતચીત કરી શકે છે. ક્લેરવોયન્સ, ક્લેરઓડિયન્સ, ટેલિપથી પ્રિમોનિશન જેવી અનેક ચૈતસિક શક્તિઓ પણ તે ધરાવે છે. આનાથી તે દૂર-દર્શન, દૂર-શ્રવણ, ભવિષ્યની ઘટનાઓનું પૂર્વ-જ્ઞાન મેળવી લે છે. આ શક્તિઓને પુરવાર કરતા અનેક કિસ્સાઓ નોંધાયા છે. જો કે તેમણે ચૈતસિક શક્તિઓનો ઉપયોગ હંમેશાં માનવ કલ્યાણ માટે જ કર્યો છે. એમને ક્યારેય વ્યવસાયિક રૂપ આપ્યું નથી. 'સળગતી આગના ઊડતા પડછાયા' નામનું પુસ્તક પણ તેમણે લખ્યું છે. કાર્તિકભાઇને બાળપણથી જ ખ્યાલ આવી ગયો હતો કે એમનામાં જન્મજાત રીતે કેટલીક ચૈતસિક શક્તિઓ છે. એમને એકાએક 'વિઝન' આવતું, ચિત્તમાં કોઇ ચિત્ર ઉપસતું કે અવાજ સંભળાતો. તેની જાણકારી તે આસપાસના લોકોને આપતા અને થોડા સમય પછી ખરેખર તેમણે જે જોયું અને સાંભળ્યું હોય તેવી ઘટના બનતી ત્યારે લોકો આશ્ચર્યચકિત થઇ જતા.

કાર્તિકભાઇ અમેરિકા ગયા ત્યાં પણ એમને આવા અનેક અનુભવ થયા. ઈ.સ. ૧૯૭૧માં કાર્તિકભાઇ 'એક્ટોપ્લાઝમિક મિડિયમ' રેવરન્ડ બર્થા એક્રોડને મળવા મેરીલેન્ડ રાજ્યના બાલ્ટીમોર સીટીમાં ગયા ત્યારે પણ તેમને આવો પરચો થયો હતો. બર્થા અને કાર્તિકભાઇ વાતચીત કરતા હતા ત્યારે આર્થર ફોર્ડ અને ડૉ. એડવર્ડ મેકબેથ ત્યાં હવામાં અદ્રશ્ય રીતે પ્રકટ થયા હતા અને કહ્યું હતું - 'ધીસ ઈન્ડિયન બોય કાર્તિક ઈઝ બોર્ન વીથ મિડિયમિસ્ટિક કેપેબિલીટીઝ એન્ડ વી આર ગોઈન્ગ ટુ હેલ્પ હીમ ફ્રોમ ધ હેવન- એટલે કે આ ભારતીય છોકરો કાર્તિક 'મિડિયમ' થવાની યોગ્યતા સાથે જન્મ્યો છે અને અમે એને સ્વર્ગથી મદદ કરતા રહીશું.' એડવર્ડ મેકબેથે બર્થાને કહ્યું- હું આર્થર ફોર્ડ સાથે અત્યારે અહીં કાર્તિકને જોવા- મળવા જ આવ્યો છું. એ મને મળવા માંગતો હતો અને એ માટે સંમતિ મેળવવા અને મુલાકાત ગોઠવવા મને તેણે પત્ર પણ લખ્યો હતો. પણ તેનો જવાબ લખું એ પહેલાં મારું મરણ થઇ ગયું. મેં જવાબ કેમ ના આપ્યો એની એ ચંિતા કરતો હતો.' બર્થાએ કાર્તિકભાઇને પૂછ્યું હતું- 'તમે ડૉ. એડવર્ડને મળવા અંગે પત્ર લખેલો? એનો જવાબ નહોતો આવ્યો એવું બન્યું હતું?' કાર્તિકભાઇએ કહ્યું- હા, આ વાત બિલકુલ સાચી છે. મેં તમારી સાથે એડવર્ડનો અવાજ સાંભળ્યો ત્યારે જાણી ગયો કે શું બન્યું હતું અને મારા પત્રનો જવાબ કેમ નહોતો આવ્યો! ડૉ. એડવર્ડ મેકબેથ પોતે એક સારા ટ્રાન્સ મિડિયમ હતા. એમના ગળા થકી ફાધર ટોબી બોલતા. સીઅરન્સ દરમિયાન ખાલી ખુરશી રાખી હોય તેના પર ફાધર ટોબી આવીને બેસતા અને તેમનો અવાજ ડૉ. એડવર્ડના ગળામાંથી આવતો!

એકવાર પ્રેતાત્મા- આહ્‌વાન કાર્યક્રમ (સીઅન્સ) ચાલતો હતો ત્યાં ફાધર ટોબી હાજર હતા. એ કાર્યક્રમમાં અમેરિકન વાય.એમ.સી.એ.ના પ્રેસિડેન્ટ આવેલા. તેમણે કહ્યું કે ન્યુયોર્કના મેનહટનમાં આવેલા એમના એપાર્ટમેન્ટમાં બે ભૂરા રંગની એસ ટ્રે છે તેમાંથી એક તમે અહીં અબઘડી હાજર કરી શકો? ફાધર ટોબી એમની ચૈતસિક શક્તિથી તે લઇ આવ્યા હતા અને બધાને તે બતાવી હતી. મારા બંધ એપાર્ટમેન્ટમાંથી તમે આ દૂરથી કેવી રીતે અહીં લઇ આવ્યા એવું પ્રેસિડેન્ટે પૂછ્યું ત્યારે તેમણે કહ્યું હતું- 'અમારામાં આવી શક્તિ હોય છે. અમે આ બધું કરી શકીએ છીએ.' રેવરન્ડ આર્થર ફોર્ડ પણ એક 'ટ્રાન્સ મિડિયમ' હતા. તે પરમહંસ યોગાનંદ નામના ભારતીય સિદ્ધયોગીના શિષ્ય હતા અને તેમની પાસેથી યોગ અને ટ્રાન્સમાં જવાની વિદ્યા શીખ્યા હતા. તેમના ગળાના 'વૉકલ કોર્ડ'થી ફ્રેન્ચ કેનેડિયન સૈનિક ફ્લેચર બોલતો. આ બન્ને શક્તિશાળી આત્માઓ થકી માર્ગદર્શન અને સહાય પ્રાપ્ત કરી કાર્તિકભાઇની મીડીયમશીપની શક્તિઓ વધારે વિકસિત થઇ હતી. એમાં બર્થા એક્રોડનો ફાળો પણ ઉમેરાયો હતો.

મટીરીયાલાઇઝેશન સીઅન્સ દરમિયાન નાના બાળકો સ્વર્ગમાંથી આવતા. એમની સાથે એમની સંભાળ રાખવા એક સુંદર સ્ત્રી પણ આવતી. ત્યાંના જગતની બધી વાતો પણ અહીં બેઠેલાને તે કરતાં- બાળકો પાછા સ્વર્ગમાં જવા તૈયાર ન થાય ત્યારે તે સ્ત્રી તેમને સમજાવીને લઇ જતી. કાર્તિકભાઇ કહે છે કે 'એક્ટોપ્લાઝમ મટીરીયાલાઇઝેશન પાવર' ધરાવનાર મીડીયમ તો એ મૃતાત્મા પાસે નરી આંખે દેખાય એવું શરીર પણ ધારણ કરાવી શકે છે. આ મૃતાત્માઓ એકટોપ્લાઝમ નામના દ્રવ્યથી

સશરીર પ્રગટ થાય છે. આ દ્રવ્યને ગોસામેલ મટીરીયલ પણ કહેવાય છે. તે સહેજ ચીકાશ પડતું હોય છે. માદા ડી એસ્પીરીયન્સ નામનાં ફ્રેન્ચ મહિલા લંડનની બાજુમાં રહેતી હતી તે મીડીયમ બનતી ત્યારે તેણે યોલાન્ડી નામની દસેક વર્ષની ઈજીપ્સીયન છોકરીને આ રીતે એકટોપ્લાઝમથી સદેહે પ્રકટ કરી હતી. એના ફોટા પણ પાડેલા. લંડનની કંિગ્સ કૉલેજના ગણિતના પ્રાધ્યાપક જ્હોન ટેલરે ‘ધ ફિઝિક્સ ઑફ નોન ફિઝિકલ’ નામનું પુસ્તક લખ્યું છે તેમાં પણ આને લગતી વિગતો અને ઘટનાઓ દર્શાવી છે.

પારલૌકિક જગતમાંથી મૃતાત્માઓ અદ્રશ્ય રૂપે કે એકટોપ્લાઝમિક રીતે દ્રશ્યમાન રૂપે પ્રકટ થાય ત્યારે ઘણીવાર તે જગતની માહિતી આપે છે. અન્ય મિડિયમની જેમ કાર્તિકભાઇ પણ કહે છે- ‘પરલોકની તે સૃષ્ટિમાં દિવસ- રાત થતા નથી. ત્યાં હંમેશાં દિવ્ય પ્રકાશ પથરાયેલો રહે છે. ત્યાંનું જગત પૃથ્વીની ‘કાર્બન કોપી’ જેવું જ છે. ત્યાં પણ શાળા, ઘર, રેલવે, કાર, ઓરકેસ્ટ્રા જેવું બધું જ હોય છે. ત્યાં પુસ્તકો અને વર્તમાનપત્રો સુદ્ધાં વંચાય છે. અહીંના જ પુસ્તકો અને વર્તમાનપત્રો ત્યાં કેવી રીતે પહોંચી જાય છે તે એક રહસ્યની બાબત છે પણ તેના થકી તે અહીની ઘટનાઓથી પણ વાકેફ રહે છે!

મૃતાત્માઓ કહે છે કે બ્રહ્માંડમાં અનેક લોક છે. અમે ઘણી વાર બીજા લોકમાં જવાનો પ્રયત્ન કરીએ છીએ. સારું કર્મ કર્યું હોય તો અમે જ્યાં છીએ એનાથી ઉપરના લોકમાં જઇ શકીએ છીએ. પણ એ માટેની લાયકાત ન હોય તો નીચે પછડાઇ જઇએ છીએ. અહીં અમને ભગવાનની શક્તિનો

અનુભવ થાય છે. અહીંનું જગત પૃથ્વીના જગત કરતાં વધારે સારું છે. અહીં ઝગડા, અદેખાઇ, હુંસાતુંસી, છેતરપીંડી એવું ચાલતું નથી. અહીં અમે શાંતિથી રહીએ છીએ અને બીજા જન્મથી તૈયારી કરીએ છીએ.' કાર્તિકભાઇએ ઘણા બધા મૃતાત્મઓનો સંપર્ક સાધી તેમની સ્થિતિ અંગે કુટુંબીજનો કે મિત્રોને માહિતી આપી છે. કુટુંબીજનો કે મિત્રોના જીવનની અંગત બાબતો મૃતાત્મા થકી જાણીને જ્યારે કાર્તિકભાઇ તેમને કહે ત્યારે તેમને પણ આશ્ચર્ય થાય છે અને વિશ્વાસ બેસે છે કે મૃત વ્યક્તિના આત્મા સાથે તેમનો સંપર્ક સધાયો હશે તો જ આટલી અંગત અને બારીક વિગત તેમને ખબર પડી શકે છે.

કાર્તિકભાઇમાં દૂરની વસ્તુ જોવાની અને દૂરના અવાજ સાંભળવાની શક્તિ પણ છે. એકવાર તે ન્યુયોર્ક સીટીમાં રહેતા હતા ત્યારે તેમને મળવા 'ધ ઓવરસીઝ ઈન્ડિયા ટાઈમ્સ' વર્તમાનપત્રના માલિક અને તંત્રી તેમની આર્ટ ગેલેરી પર આવ્યા. તેમનું નામ હતું પ્રકાશ. તેમની સાથે ન્યુ દિલ્લીના જાણીતા પત્રકાર જનાર્દન ઠાકુર પણ હતા. પ્રકાશભાઇએ જનાર્દનને કાર્તિકભાઇની ચૈતસિક શક્તિઓની વાત કરી એટલે એમના મનમાં એની ચકાસણી કરવાની ઈચ્છા થઇ. તેમના મનના વિચારો વાંચી લઇને કાર્તિકભાઇએ કહ્યું- 'તમારા પર ન્યુ દિલ્લીથી કોઇ શોભા નામની સ્ત્રીનો પત્ર આવ્યો છે?' જનાર્દનભાઇ તો આશ્ચર્યમાં ગરકાવ થઇ ગયા. તેમણે તેમના કોટના અંદરના ખિસ્સામાંથી પત્ર બહાર કાઢ્યો અને તે બતાવીને કહ્યું- 'હા, આજે જ આ પત્ર આવ્યો છે. પણ તમને તેની કેવી રીતે ખબર પડી?' કાર્તિકભાઇએ કહ્યું- 'મને ઘટના કે વસ્તુ દેખાઇ જાય છે. મારામાં કુદરતે આવી શક્તિ આપી છે એટલું હું જાણું છું.'

કાર્તિકભાઇને દૈવી સાક્ષાત્કાર પણ થયો છે. એકવાર એમના ઘર પાસે માતાજીના રથના અને માતાજીના ચાલવાના ઘુઘરીઓના અવાજ સાથે દિવ્ય સ્વરૂપે દર્શન થયા છે. એકવાર એમના બગીચામાં વૃક્ષોને પાણી પીવડાવતા હતા ત્યારે તેમની ડાળીએ ડાળીએ વાસુદેવ-શ્રીકૃષ્ણની ઝાંખી થઇ હતી 'વૃક્ષે વૃક્ષે વેણુધારી અને પત્રે પત્રે ચતુર્ભુજ'ની આછી ઝાંખી કરી ધન્યતા અનુભવી ત્યારે જે દિવ્ય સુગંધ પ્રસરી એ હાથમાં કેટલાય સમય સુધી ટકી રહી. માત્ર બગીચામાં જ નહીં, આખા ઘરમાં કલાકોના કલાકો સુધી એ મીઠી દિવ્ય સુગંધ ફેલાયેલી રહી! એ અમેરિકાના ન્યુયોર્કમાં રહેતા હતા ત્યારે તેમને ટ્વીન ટાવર્સની દુર્ઘટનાનું 'વીઝન' પહેલેથી આવી ગયું હતું. દૈવી શક્તિએ તેમને વારંવાર ચેતવ્યા હતા અને ન્યુયોર્કને બદલે બીજા શહેરમાં જવા આદેશ કર્યો હતો. તેથી તેમણે ન્યુયોર્ક છોડીને હ્યુસ્ટનમાં મકાન રાખ્યું હતું. દિવ્ય શક્તિ કોઇ ને કોઇ રૂપે આવીને તેમને મદદ કરે છે એવા અનેક પ્રસંગો એમના જીવનમાં બન્યા છે. તેમણે પણ પોતાની શક્તિઓ પરોપકારના કાર્યમાં વાપરી છે. તેમને દિવ્ય જગત તરફથી આદેશ અપાયો હતો- 'તારી શક્તિઓને તળાવના પાણી જેવી સ્થિર ના રાખીશ. એને નદીના જળની જેમ વહેતી રાખજે. એનો સારા કાર્યો માટે ઉપયોગ કરજે, નહીંતર તું એને ગુમાવી દઇશ!' એટલે એનો શબ્દશઃ અમલ કરી કાર્તિકભાઇ એનો નિઃસ્વાર્થ, નિર્વ્યાજ રીતે સત્કાર્યો માટે ઉપયોગ કરતા રહે છે.